**ગુના મુકદમા નં. ૩૯૮૧૧/૨૦૦૬**

***આંક– ૧ નીચે હુકમ***

(૧) ફરીયાદીને સાંભળ્યા, પુરશીસ તથા કેસનું રેકર્ડ વંચાણે લીધું આ કામે લોક અદાલતના સમન્સ / નોટીસ પક્ષકારોને કાઢતા ફરીયાદી / ભોગ બનનાર અત્રેની કોર્ટ સમક્ષ હાજર છે. પરંતુ આરોપી હાજર થયેલ નથી. ફરીયાદી / ભોગ બનનારે હાલની પુરશીસથી જાહેર કરેલ છે કે, તેઓ આરોપીઓ વિરૂદ્ધનો ગુનો કમ્પાઉન્ડ ( દરગુજર) કરે છે અને તેમને સદર કેસ આગળ ચલાવવો નથી. સદર પુરશીસ તેઓને વાંચી, સંભળાવી સમજાવતા સ્વેચ્છાએ કબુલ – મંજુર રાખેલ છે.

(૨) ઉપરોકત હકીકતે આ કોર્ટે એ નિર્ણય કરવાનો છે કે, આરોપીઓને કેસનો સમન્સ બજયો ન હોય તેમજ આરોપી કોર્ટ સમક્ષ હાજર થયો ન હોય અને રજુ થયેલ પુરશીસમાં તેની સહી ન હોય તો પણ કોર્ટ આરોપી વિરૂદ્ધનો ગુનો તેમની ગેરહાજરીમાં કમ્પાઉન્ડ કરી શકે કે કેમ? આ કોર્ટના ધ્યાન ઉપર નીચે મુજબની ઓથોરીટી આવેલ છે.

**૧. વાય.પી.બૌજુ વિ.સ્ટેટ ઓફ કેરાલા. ૨૦૦૮ ક્રિ.લો.જ.– ૯૨૮.**

**૨. યેસુદાસ અને બીજા વિ .સબ– ઈન્સ્પેટકર ઓફ પોલીસ, કલ્લામેસરી અને બીજા ૨૦૦૮ ક્રિમીનલ લો જનરલ– ૧૨૯૦.**

(૩) સદર ઓથોરીટીમાં નામ. કેરાલા હાઈકોર્ટે નીચે મુજબનો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે.

**એ. ક્રિ.પ્રો.કોડ કલમઃ ૩૨૦ માંકરેલ કોમ્પોઝીશનની જોગવાઈ એકપક્ષીય ક્રિયા છે અને તે દ્વિપક્ષીય ક્રિયા નથી.**

**બી. ક્રિ.પ્રો.કોડ કલમઃ ૩૨૦(૧) તથા ૩૨૦(૨) મુજબ કોમ્પોઝીશનની અરજી સદર કલમના કોઠાની કોલમ નં.૩ માં વર્ણવેલ ભોગ બનનાર વ્યકિત માત્રની સહીથી થઈ શકે.**

**સી. કોમ્પોઝીશનની અરજી ફરીયાદી / ભોગ બનનાર તથા આરોપીની સંયુકત સહીથી આપવા માટે કોર્ટ ફરજ પાડી શકે નહી.**

**ડી. ક્રિ.પ્રો.કોડ કલમઃ ૩૨૦ મુજબની કોમ્પોઝીશનની અરજી ધ્યાને લેતાં કોર્ટ આરોપીને હાજર રાખવા ફરજ પાડી શકે નહી.**

**ઈ. ક્રિ.પ્રો.કોડ કલમઃ ૩૨૦ માં ગુનો કમ્પાઉન્ડ કરવાની ક્રિયા કોર્ટે ગુનાનું સંજ્ઞાન લે તે પહેલા ઈન્વેસ્ટીગેશનના સ્ટેજે પણ થઈ શકે.**

(૪) આમ, ઉપરોકત ઓથોરીટીમાં ઠરાવેલ સિધ્ધાંત ધ્યાને લીધા. સદર સિધ્ધાંત મુજબ ક્રિ.પ્રો.કોડ કલમઃ ૩૨૦ મુજબ ગુનો કમ્પાઉન્ડ( દરગુજર– માફ) કરવા માટે માફ કરવાની પુરશીસમાં આરોપીની સહી ફરજીયાતનથી તેમજ આરોપીની આ કોર્ટ સમક્ષ હાજરી ફરજીયાત નથી તેથી હાલની પુરશીસ સ્વીકારવાને પાત્ર છે તેમજ ફરીયાદની હકીકત ધ્યાને લેતાં જો પુરશીસ ગ્રાહ્ય રાખી કેસ ફેંસલ કરવામાં આવે તો અન્ય કોઈ વ્યકિતના કોઈ હીતને નુકશાન થતુ હોય તેમ જણાતુ નથી. વધુમાં આરોપીને હાજર રાખ્યા બાદ જ સમાધાન ગ્રાહ્ય રહેશે તે રીતે ફરજ પાડવામાં આવે તો કેસના પરીણામમાં કોઈ ફેર પડતો હોય તેમ જણાતુ નથી અને ફરીયાદી/ ભોગ બનનારે સ્વૈચ્છીક રીતે હાલની કમ્પાઉન્ડ માટેની અરજી આપેલ છે તેથી આરોપી હાજર નથી તે કારણસર તે નામંજુર કરવાથી અર્થહીન કાર્યવાહી થશે અને આવી કાર્યવાહી કરભરતા લોકોના નાણાં વેડફવા બરાબર થશે માટે ઉપરોકત તમામ પાસા ધ્યાને લઈ હાલની પુરશીસ રેકર્ડ કરવામાં આવે છે અને ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## // **હુકમ** //

૧. આરોપી નં.(૧) હરીશભાઈ ગુરૂપ્રસાદ નિશાદ ડેવર, (૨) રામબાબુ શ્રીપાદ નિશાદ, (૩) રમાકાંત મહાવીર નિશાદનાને ક્રિ.પ્રો. કોડની કલમઃ ૩૨૦(૧)(૨)(૮) અન્વયે તેમની સામે નોંધાયેલ ઈ. પી. કો. કલમઃ ૩૭૯, ૧૧૪ ના ગુન્હાના તહોમતમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામે કબજે કરેલ મુદ્દામાલ ફરિયાદીને માલીકી હક્કની ખાત્રી કરી અપીલ સમય બાદ પરત કરવા હુકમ કરવામાં આવે છે.

૩. આરોપીના જામીનખત અપીલ સમય વિત્યે રદ ગણવા.

આ હુકમ આજ રોજ તારીખઃ ૧૩ મી, માહે–જુલાઈ, સને–૨૦૧૯ ના રોજ લોકઅદાલતમાં દરમ્યાન વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તા. ૧૩–૦૭–૨૦૧૯
***વડોદરા.***
ડી.જે.વાણીયા/ પી.એ.

**( એમ. આર. શુકલા )**
***પાંચમાં અધિક ચીફ જયુડી. મેજી.,***
***વડોદરા.***
CODE NO.GJ 00681